જેલર ગૃપ-૨(વર્ગ-૩)ની ખાતારાહે ભરતી બાદની પરીક્ષા અને ખાતાકીય પરીક્ષા બાબત.

**ગુજરાત સરકાર**
**ગૃહ વિભાગ**
**ક્રમાંકઃજલમ-૫૦૨૦૧૦-૫૩૨૩-જ**
**સચિવાલય, ગાંધીનગર.**
**તારીખઃ 30 JUN 2011**

સંદર્ભઃ (૧) ગૃહ વિભાગના તા.૧૩/૦૪/૬૯ના નોટીફીકેશન નં.GG/1600/RRJ/1062/5429/J અને તા.૨૦/૦૭/૭૬ના નોટીફીકેશન નં.GG/256/RRJ/1067/5429/J

(૨) ગૃહ વિભાગના તા.૨૫/૦૪/૭૯ના નોટીફીકેશન નં.GG/100/EXM/1066/3661/(V)/J

(૩) અધિક પોલીસ મહાનિદેશક અને જેલોના ઇન્સ્પેકટર જનરલશ્રી, ગુજરાત રાજય, અમદાવાદના તા.૨૯/૧૦/૨૦૧૦ના પત્ર ક્રમાંકઃમકમ/ક/૧/૩૧૨૪/૨૦૧૦ તેમજ તા.૨૪/૦૧૧/૨૦૧૦ના પત્ર ક્રમાંકઃમકમ/ક/૧/૬૧૧/૨૦૧૦ અને તા.૦૮/૦૨/૨૦૧૧ના પત્ર ક્રમાંકઃમકમ/ક/૧/૪૮/૨૦૧૧

**ઠરાવઃ**

જેલ ખાતામાં ખાતારાહે નિમણૂક પામેલ જેલર ગૃપ-૨(વર્ગ-૩) સંવર્ગના કર્મચારીઓએ સંદર્ભ ક્રમાંકઃ(૧)માં દર્શાવેલ ભરતી નિયમોની જોગવાઇ મુજબ મૂળભૂત તાલીમ લીધા બાદ ફરજિયાત રીતે નિયત પરીક્ષા પાસ કરવાની રહેશે તે મુજબની જોગવાઇ કરવામાં આવેલ છે. મૂળભૂત તાલીમ લીધા બાદ તેઓએ નિયમિત નિમણૂક માટે સંદર્ભ ક્રમાંકઃ(૨)માં દર્શાવેલ ગુજરાત જેલ ડીપાર્ટમેન્ટ જુનીયર કલાર્ક, સીનીયર કલાર્ક અને જેલર ગૃપ-૨ પરીક્ષા નિયમો, ૧૯૭૯માં નિયત કરેલ અભ્યાસક્રમ મુજબના વિષયોની ફરજિયાતપણે પરીક્ષા પાસ કરવાની જોગવાઇ કરવામાં આવેલ છે. અને આ પરીક્ષા પાસ કર્યા બાદ જ ઇજાફાઓ વિગેરે લાભો મળવાની જોગવાઇ પ્રવર્તમાન છે. સંદર્ભ ક્રમાંકઃ(૧)માં દર્શાવેલ અધિસૂચનામાં કોઇ ચોકકસ વિષયો કે અભ્યાસક્રમ દર્શાવવામાં આવેલ નથી. પરંતુ જેલ ખાતાની પ્રણાલિકા મુજબ ખાતારાહે પસંદગી પામતા જેલર ગૃપ-૨(વર્ગ-૩)ને મૂળભૂત તાલીમ બાદ નિયમિત નિમણૂક માટે **પેપર-૧ઃ સર્વિસ મેટર, પેપર-૨ઃ નાણાંકિય નિયમો બાબત, પેપર-૩ઃ કચેરી કાર્યપધ્ધતિ** અને **પેપર-૪ઃખાતારાહે તપાસને લગતી બાબતો** અંગેના અભ્યાસક્રમની પરીક્ષા પાસ કરવાની રહે છે. જયારે સંદર્ભ ક્રમાંકઃ(૨)માં દર્શાવેલ અધિસૂચનાની જોગવાઇ મુજબ પણ ખાતારાહે પસંદગી પામેલ કર્મચારીએ ખાતાકીય પરીક્ષા પાસ કરવાની રહે છે તેમાં પણ અભ્યાસક્રમ મુજબ ઉપર દર્શાવેલ ચાર વિષયોના પેપરમાં ઉતિર્ણ થવાનું રહે છે. આથી, જેલ ખાતામાં ખાતારાહે નિમણૂક પામેલ જેલર ગૃપ-૨(વર્ગ-૩) સંવર્ગના કર્મચારીઓએ મૂળભૂત તાલીમ લીધા બાદ ફરજિયાત પાસ કરવાની પરીક્ષાનો અભ્યાસક્રમ અને ત્યારબાદ ખાતાકીય પરીક્ષાના નિયમો મુજબ આપવાની થતી પરીક્ષાનો અભ્યાસક્રમ એક જ પ્રકારનો હોવાથી ખાતાકીય પરીક્ષામાંથી પેપર-૧, પેપ-૩ અને પેપર-૪માંથી મુકિત આપવા બાબતે સંદર્ભ ક્રમાંકઃ(૩)માં દર્શાવેલ પત્રોથી જેલોના ઇન્સ્પેકટર જનરલશ્રી, ગુજરાત રાજય, અમદાવાદે દરખાસ્ત કરેલ છે.

૨. જેલોના ઇન્સ્પેકટર જનરલશ્રી, ગુજરાત રાજય, અમદાવાદની ઉકત દરખાસ્ત અંગે કાળજીપૂર્વકની વિચારણા બાદ ખાતારાહે પસંદગી પામેલ જેલર ગૃપ-૨(વર્ગ-૩) સંવર્ગના કર્મચારીઓએ મૂળભૂત તાલીમ લીધા બાદ ફરજિયાત પાસ કરવાની પરીક્ષાનો અભ્યાસક્રમ તેમજ ત્યારબાદ આપવાની થતી ખાતાકીય પરીક્ષા નિયમોના **પેપર-૧**નો અભ્યાસક્રમ જોતા તે સંપૂર્ણ રીતે સમાન જણાતો નથી. જયારે **પેપર-૩** અને **પેપર-૪**નો અભ્યાસક્રમ સમાન જણાતો હોવાથી જેલર ગૃપ-૨(વર્ગ-૩) સંવર્ગને આ વિભાગના ખાતાકીય પરીક્ષા નિયમો, ૧૯૭૯ના ખાતાકીય પરીક્ષાના **પેપર-૩** અને **પેપર-૪**ની પરીક્ષા આપવામાંથી મુકિત આપવાની આથી સંમતિ આપવામાં આવે છે.

૩. જેલર ગૃપ-૨(વર્ગ-૩) સંવર્ગના ઉકત સંદર્ભ:(૧) અને સંદર્ભ:(૨)માં દર્શાવેલ નિયમોમાં આ અંગેનો જરૂરી સુધારો હવે પછીથી કરવામાં આવશે.

૪. આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર સામાન્ય વહીવટ વિભાગની તા.૨૧/૦૭/૨૦૧૧ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

**ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,**

(ધીમંત એ. પટેલ)
ઉપ સચિવ
ગૃહ વિભાગ

પ્રતિ,

- અધિક પોલીસ મહાનિદેશક અને જેલોના ઇન્સ્પેકટર જનરલશ્રી, ગુજરાત રાજય, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર **(પત્ર દ્વારા)**
- આચાર્યશ્રી, જેલ સ્ટાફ તાલીમ શાળા, અમદાવાદ.
- સર્વે અધિક્ષકશ્રીઓ – તમામ મધ્યસ્થ જેલ/જિલ્લા જેલ/ખાસ જેલ/સબ જેલ **(જે.ઇ.જ.શ્રી મારફત)**,
- સેકશન અધિકારીશ્રી **'ક'** શાખા, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેકશન અધિકારી સિલેકટ ફાઇલ
- નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઇલ
- શાખા સિલેકટ ફાઇલ